અપીલ અરજી નં.૬૫ તા.૧૧–૬–૦૯/૧૦

અરજદારઃ– શ્રી હેમંત એન. દેસાઈ

સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષયઃ**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૧૧–૫–૦૯ ની અરજીથી તા.૮–૫–૦૯ ના રોજ વોર્ડ નં.૪એ લોકસેવા વિભાગના કર્મચારી બેગમપુરા દુધારાશેરી મંદિર પાસે વરસાદના પાણી ન ભરાય તે માટે સુપડીનું કામ કરવા આવેલા તે રીપેરીંગનું કામ બંધ કરાવવામાં આવેલ કયા કારણથી કામ શા માટે બંધ કરાવવામાં આવેલ તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ** :–અરજદાર મજકુરની તા.૧૧–૬–'૦૯ ની અપીલ અરજી નં.૬૫/૨૦૦૯–૧૦

શ્રી હેમંત એન. દેસાઈની તા.૧૧–૫–૦૯ ની અરજીથી તા.૮–૫–૦૯ ના રોજ વોર્ડ નં.૪એ લોકસેવા વિભાગના કર્મચારી બેગમપુરા દુધારાશેરી મંદિર પાસે વરસાદના પાણી ન ભરાય તે માટે સુપડીનું કામ કરવા આવેલા તે રીપેરીંગનું કામ બંધ કરાવવામાં આવેલ કયા કારણથી કામ શા માટે બંધ કરાવવામાં આવેલ તેની માહિતી આપવા બાબતે નહીં મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૧–૬–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૮૫ તા.૧૮–૬–૦૯ થી શહેર વિકાસ અધિકારી જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)તથા અરજદારને તા.૮–૫–૦૯ ના રોજ વોર્ડ નં.૪/એ લોકસેવા વિભાગના કર્મચારીઓ બેગમપુરા દુધારાશેરી મંદિર પાસે વરસાદના પાણી ન ભરાય તે માટે સુપડીનું કામ કરવા આવેલ તેવા દાવા અંગે આધાર રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૩૬૪ તા.૨૫–૬–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ વિભાગ તથા અરજદારને સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૯૪ તા.૧૨–૬–૦૯ થી પાઠવેલ પત્રની નકલ વિગેરે વિગતો અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફથી તેમના તા.૨૪–૬–૦૯ ના પત્રથી જણાવેલ છે કે તા.૨૧–૧–૦૯ ના રોજ આ બાબતે ફરીયાદ કાર્ડ ભરી ફરીયાદ આપવા છતાં નિકાલ ન થતાં તા.૧૭–૪–૦૯ ના રોજ લેખિત ફરીયાદ સેન્ટ્રલ ઝોનને કરવામાં આવેલ અને તે અંગે પણ સમય મર્યાદામાં નિકાલ ન થતાં આરટીઆઈ હેઠળ માહિતી માંગેલ છે. અરજદારે તા.૧૭–૪–૦૯ ની ફરીયાદથી ખાતાકીય કામગીરી અંગે નારાજગી વ્યકત કરી જે તે કામગીરીના જાણકાર અને અનુભવી કર્મચારીઓ મુકવા બાબતે સૂચન કરેલ છે.

અરજદારની તા.૧૧–૫–૦૯ ની અરજીથી તા.૮–૫– ૦૯ ના રોજ વોર્ડ નં.૪એ લોકસેવા વિભાગના કર્મચારી બેગમપુરા દુધારાશેરી મંદિર પાસે વરસાદના પાણી ન ભરાય તે માટે સુપડીનું કામ કરવા આવેલા તે રીપેરીંગનું કામ બંધ કરાવવામાં આવેલ કયા કારણથી કામ શા માટે બંધ કરાવવામાં આવેલ તેની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારને " બેગમપુરા દુધારા શેરી હનુમાન મંદિર પાસે વરસાદના પાણી ન ભરાય તે માટે જરૂરી લેવલ લઈ કામગીરી કરાવવાની હોવાથી કામગીરી બંધ રાખવામાં આવેલ, ત્યાર બાદ સ્થળ ઉપર જઈ જરૂરી લેવલ લઈ કામગીરી પૂર્ણ કરાવવામાં આવેલી છે જે અંગે અરજદારને રૂબરૂ માહિતગાર કરવામાં આવેલ છે. તેવા પાઠવેલ પત્રની નકલ અત્રે રજૂ કરેલ છે. આમ અપીલ તબકકે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને માહિતી પૂરી પડાયેલ જણાય છે. જે નિયત સમય અવધિ કરતાં દિન–૩ ના વિલંબથી આપ્યાનું જણાય છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૫–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા દફતરી ઉપલબ્ધ માહિતી અરજદારને પૂરી પાડેલ હોઈ અપીલ અંગે વિશેષ કોઈ હુકમ કરવાનો રહતો નથી તેથી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. ખાતાકીય કામગીરીની પધ્ધતિ અને નિકાલની પ્રક્રિયાની બાબતોના સૂચનો અંગે અરજદાર સક્ષમ સત્તાને ખાતાકીય રાહે સંપર્ક કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭ –૦૯

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી,(સેન્ટ્રલઝોન) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન. દેસાઈ,